### કલેક્ટર આનંદ પટેલના નેતૃત્વમાં

# કોટેશ્વર મંદિરને યાત્રાધામ તરીકે વિકસાવવાના પ્રયાસો અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આદરવામાં આવ્યાં

## સરસ્વતી નદીના ઉદ્દગમ સ્થાન ગણાતા કોટેશ્વર ખાતે ગંગા આરતીની જેમ જ સરસ્વતી આરતીનું આયોજન

શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર અને તેને સંલગ્ન મિલ્કતો તથા જમીનોનો કબજો બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી એસ.જે.ચાવડા અને અન્ય અધિકારીઓની ટીમ દ્વારા તા.૧૫/૪/૨૦૨૧ના રોજ લેવામાં આવ્યો છે. આ મિલ્કતોમાં કોટેશ્વર ઘાસચારા માટે સંગ્રહસ્થાન, પીવાના પાણીની વ્યવસ્થા. ખેતીની જમીનમાં આયુર્વેદિક ઉદ્યાન બનાવવું તથા પાણીની સગવડ, જમીન ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામો હાથ ધરવાનું આયોજન છે.અંબાજી નજીક આવેલ કોટેશ્વર ધામ અતિ પૌરાણિક શિવાલય છે તેમજ સરસ્વતી નદીનું ઉદગમસ્થાન પણ છે. કોટેશ્વર ધામના વિકાસ અર્થે



મહાદેવ મંદિર તથા પરિસર, ગૌમુખ, વાલ્મિકી આશ્રમ, ગૌશાળા તથા ખેતીની જમીન વિગેરેનો સમાવેશ થાય છે.

શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર તથા સંલગ્ન જગ્યાઓમાં યાત્રિકો માટેની પાયાની સુવિધાઓ, પાર્કિંગ, મંદિર તથા આશ્રમ સુધી જવાનો રસ્તો, સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણીની સગવડ, શૌચાલય વિગેરે સુવિધાઓ ઉભી કરવાનું આયોજન શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. જેનું પ્રાથમિક આયોજન આ પ્રમાણે વિચારવામાં આવ્યું છે. હયાત કોટેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં મંદિરોનું રીનોવેશન તથા જુના બિનજરૂરી સ્ટ્રક્ચરો કાઢી નાંખી મંદિર પરિસર જગ્યા મોટી કરીને પીવાનું પાણી, બાગ બગીચા, વિસામો વિગેરેની સુવિધા વિકસાવવી, ગૌમુખની જગ્યાએ ગૌમુખ તથા પાણીના કુંડનું રીનોવેશન તથા વધારાનો એક કુંડ બનાવવો, ધર્મશાળાનું જર્જરીત માળખુ કાઢી નાંખી સરસ્વતી નદીના ઉદગમ સ્થાનનું ધાર્મિક મહત્વ દર્શાવતી થીમ ઉપર સરસ્વતી માતાજીની મૂર્તિ તથા અન્ય ડેવલપમેન્ટ, આશ્રમવાળી જગ્યા પર હયાત મંદિરો તથા સ્ટ્રક્ચરોનું રીનોવેશન, આયુર્વેદિક પુસ્તકોની લાયબ્રેરી, પીવાના પાણીની તથા શૌચાલયની સગવડ, યાત્રિક વિસામો, પાર્કિંગ સુવિધા. ગૌશાળામાં ગૌશાળાનું ડેવલપમેન્ટ, ગાયોના દેશ-વિદેશમાં મંદિર સ્થાપત્યના વિશેષજ્ઞ આર્કિટેક તરીકે પ્રખ્યાત આર્કિટેક્ટ શ્રી સી.બી.સોમપુરા, અમદાવાદ સાથે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ કમ બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલે ટેલીફોનીક વાતચીત કરતાં શ્રી સી.બી.સોમપુરાએ તેમની અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ કોટેશ્વર ધામના વિકાસ માટે જરૂરી આર્કિટેક્ટ તરીકેની સેવાઓ વિનામૂલ્યે આપવા માટે સહર્ષ સંમતિ આપી છે. શ્રી સી.બી.સોમપુરા હાલમાં અયોધ્યા ખાતે બની રહેલ શ્રી રામ મંદિરના પણ આર્કિટેક્ટ છે. ભારત દેશ અને વિદેશોમાં પણ ઘણાબધાં વિખ્યાત મંદિરોના આર્કિટેક્ટ તરીકેની સેવાઓ પણ તેમણે આપેલી છે. આર્કિટેક્ટની ટીમ દ્વારા ટુંક સમયમાં કોટેશ્વર ખાતે સર્વે કરીને માસ્ટર પ્લાનીંગ તથા અંદાજો તૈયાર કરી આપવામાં આવશે. સરકારશ્રી દ્વારા પ્રોજેકટની મંજુરી મળ્યેથી યુધ્ધના ધોરણે કોટેશ્વર ધામના વિકાસ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલમાં કોટેશ્વર મહાદેવ મંદિરની આજુબાજુ આવેલ જર્જરીત જુની બિનઉપયોગી રૂમો અને સ્ટ્રકચરો દૂર કરીને જગ્યાઓ ખુલ્લી કરવામાં આવી છે. કોટેશ્વર મહાદેવ મંદિરની ફરતે આવેલ ડુંગરો લીલાછમ્મ-હરીયાળા બને તે માટે વન વિભાગને જરૂરી કાર્યવાહી કરવા સુચનાઓ પણ આપી દેવામાં આવી છે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૨ નવા કેસ

## કોરોના કારણે ૨૪ કલાકમાં ચાર લોકોના મોત : રાજ્યમાં ૨૬૩૬૩૦ લોકોનુ એક દિવસમાં રસીકરણ હજુ સુધીમાં ૮,૦૨,૧૮૭ દર્દીએ કોરોનાને મ્હાત આપી

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં ૨,૬૩,૬૩૦ લોકોનુ આજના દિવસમાં રસીકરણ કરવામાં આવ્યું. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનાં દરમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યનો રિકવરી રેટ ૯૭.૭૦ ટકાએ પહોંચ્યું છે. જ્યારે કોરોનામાં નવા ૩૫૨ કેસ નોંધાયા. જ્યારે ૧૦૦૬ દર્દીઓ સાજા થયા. અત્યાર સુધીમાં કુલ ૮,૦૨,૧૮૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો હાલ ૮૮૮૪ કુલ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૧૯ લોકો વેન્ટીલેટર પર છે. ૮૬૬૫ લોકો સ્ટેબલ છે. ૮૦૨૧૮૭ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવી ચુક્યાં છે. ૧૦૦૦૭ લોકોનાં અત્યાર સુધીમાં કુલ મોત નિપજ્યાં છે. આજે ગુજરાતમાં કોરોનાને કારણે ૦૪ લોકોનાં મોત નિપજ્યાં છે. જો રસીકરણની વાત કરીએ રાજ્યમાં અત્યાર સુધી ૧૨૮૨ હેલ્થ વર્કર્સને પ્રથમ અને ૨૪૬૨ લોકોને બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૪૫થી વધારેની ઉંમરના ૪૧૭૫૧ લોકોને પ્રથમ ડોઝ અને ૨૮૦૫૫ લોકોને બીજો ડોઝ અપાયો છે. ૧૮-૪૫ વર્ષના ૧૮૭૨૧૪ લોકોને પ્રથમ અને ૨૮૬૬ લોકોને બીજો ડોઝ અપાઇ ચુક્યો છે.

# સાબરકાંઠા જિલ્લા આયોજન મંડળના ૧૦૧૫ લાખના ૭૬૮ કામોને મંજૂરી

હિંમતનગર તા.૧૫

સાબરકાંઠા જિલ્લામાં વિકાસના કાર્યોને વેગ આપવા દર વર્ષે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાતી હોય છે. જે અંતર્ગત



સાબરકાંઠા જિલ્લા આયોજન મંડળની બેઠક જિલ્લા કલેકટર કચેરી, સભાખંડમાં જિલ્લાના પદાધિકારી અને અમલીકરણ અધિકારીઓ સાથે જિલ્લા પ્રભારી મંત્રી અને રાજયકક્ષાના સહકાર,રમત-ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,વાહન વ્યવહાર મંત્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષસ્તામાં પ્રજાકિય વિકાસ કામો અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં વર્ષ૨૦૨૧-૨૨નું વિકેન્દ્રીત જિલલા આયોજન રજૂ કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં રૂપિયા ૧૦૧૫ લાખના ૭૬૮ કામો રજૂ થયા હતા તેને મંત્રીએ બેઠકમાં મંજૂરીની મહોર મારી હતી. તે અંતર્ગત ૫ ટકા પ્રોત્સાહક જોગવાઇના રૂ.૩૫ લાખના ૨૭ કામો તથા નગરપાલિકા જોગાઇના ૧૫૦ લાખના ૧૮ કામો અને ખાસ પ્લાન (બક્ષીપંચ)ના રૂ. ૨૫ લાખના ૧૭ કામોનું આયોજન મંજૂર કરવામાં આવ્યું હતું. સાથે સાથે ગત વર્ષના પ્રગતિ હેઠળના વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવી હતી જેમાં ૧૫ ટકા વિવેકાધિન જોગવાઇ ૫ ટકા પ્રોત્સાહક,નગરપાલિકા તથા જિલ્લા કક્ષાની જોગવાઇ આયોજન અને પ્રગતિની સમિક્ષા કરાઇ હતી.

પ્રભારી મંત્રીએ જિલાના અમલીકરણ અધિકારીઓને સંબોધતા જણાવ્યું હતું કે જિલાના વિકાસ કામો ગુણવત્તા યુકત કવોલેટીવાળા બનાવવા ઉપર ખાસ ભાર મૂકયો હતો. નબળી ગુણવત્તાવાળા કામો ચલાવી લેવાશે નહી અને જેતે અધિકારીની જવાબદારી નકકી કરવામાં આવશે અને પગલા લેવાશે તેવી તાકીદ કરી હતી અને પાછલા ત્રણ વર્ષના બાકી કામો યુધ્ધના ધોરણે હાથધરી એક મહીનામાં પૂર્ણ કરીને જિલ્લા કલેકટરને જાણ કરવા જણાવ્યું હતું અને સારા કામો લોકોપયોગી કામોને પ્રાધાન્ય આપવા ઉપર ભાર મુકયો હતો જન પ્રતિનિધિઓ અને જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સૌ સાથે મળીને ગુણવત્તા યુકત કામો થાય તે બાબતને પ્રાથમિકતા આપવા જણાવ્યું હતું. સાથે સાથે કોરના મહામારિમાં સૌએ સાથ સહકારથી સારી કામગીરી કરી છે. તેને બિરદાવું છું. અને સૌને અભિનંદન પાઠવું છું.

# અનલૉક : મોડાસા-નડીયાદ ટ્રેન ક્યારે દોડશે..?? મુસાફરોમાં ઈન્તેજારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

કોરોનાના સંક્રમણને લીધે છેલ્લા ૨ વર્ષથી મોડાસા-કપડવંજ-નડીયાદ ટ્રેન બંધ કરવામાં આવ્યા પછી હવે કોરોનાનું સંક્રમણ ઘટતાં અનલૉક અમલમાં આવ્યું છે ત્યારે બંધ ટ્રેન ફરીથી ક્યારે દોડતી થશે..?? તેની ઈન્તેજારી મુસાફરોમાં વધી છે. રેલવે વિભાગ દ્વારા કેટલાક રેલવે ફાટક ઘટાડવાથી સસ્તા ભાડામાં ઓછા સમયમાં મોડાસા થી નડીયાદ ટ્રેન રૂટનો મુસાફરો લાભ લેતા હતા પરંતુ હજુ સુધી ટ્રેન સેવા બંધ રહેતાં મુસાફરો હાલાકી અનુભવી રહ્યા છે.

જાણવા મળ્યા મુજબ મોડાસા-નડીયાદ રેલવે લાઈન ઉપર કુલ-૮૨ જેટલા ફાટકો આવેલા છે અને ૮ રેલવે સ્ટેશનોમાં મોડાસા, બાયડ, કાશીપુરા, વડાલી, કપડવંજ, કઠલાલ, ભાનેર, મીનાવાડા રોડ અને નડીયાદનો સમાવેશ થાય છે પરંતુ હવે કેટલાક રેલવે ફાટક ઓછા કરવાથી સસ્તા ભાડામાં મોડાસા થી નડીયાદ રેલવે સેવાનો મહત્તમ મુસાફરો લાભ લઈ રહ્યા હતા પરંતુ કોરોનાના સંક્રમણ લીધે ૨ વર્ષથી આ ટ્રેન સેવા બંધ કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં કોરોનાનું સંક્રમણ હવે ઘટ્યું છે જેના કારણે સરકારે તબક્કાવાર રીતે અનલૉકમાં બંધ સેવાઓ ફરીથી શરૂ કરી છે પરંતુ મોડાસા-નડીયાદ ટ્રેન સેવા શરૂ કરવાના હજી સુધી કોઈ સંકેત મળ્યા ન હોવાથી ટ્રેન સેવાનો લાભ લેનારા મુસાફરોમાં ટ્રન શરૂ થશે કે નહીં..?? તેની ઈન્તેજારી હમણાંથી વધી છે. બંધ રેલવે સેવા પુનઃ શરૂ થાય તે માટે નડીયાદ પંથકના કેટલાક જાગૃત નાગરિકો દ્વારા ખેડાના સાંસદ દેવુંસિંહ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. કુલ-૪ ઊીકવન્સી ધરાવતી ટ્રેન સેવા ચાલુ હતી તે સમયે દરરોજ ૨૦૦ થી વધુ મુસાફરો તેનો લાભ લઈ રહ્યા હતા પરંતુ અનલૉક પછી પણ બંધ સેવા ફરીથી શરૂ કરવામાં આવી નથી જેથી મોડાસા થી નડીયાદ સુધીના ટ્રેક ઉપર ટ્રેન સેવા ફરી શરૂ થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.



## પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલ ખાતે વૃક્ષારોપણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ રેલવેસ્ટેશન વિસ્તારમાં આવેલ કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલ ખાતે મંત્રી રઈશભાઈ કસ્બાતી ના માર્ગદર્શન હેઠળ નવ નિયુક્ત શિક્ષણ સહાયકો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમા વિવિધ પ્રકાર ના વુક્ષો સહિત આયુર્વેદિક વુક્ષો નુ પણ વૃક્ષારોપણ કરવામા આવ્યુ હતુ જેમા શાળાના આચાર્ય પી.કે.પટેલ , શિક્ષક જગદીશભાઈ રાવલ ઉચ્ચ માધ્યમિક શિક્ષક સ્ટાફ સહિત ના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષારોપણ કરવામા આવ્યુ હતુ.

# અમદાવાદીઓ વેક્સિન લેવા અને બગાડવા બંનેમાં અવ્વલ

## વેક્સિનેશન વધે છે તેમ બગાડ પણ વધે છે : અમદાવાદમાં હજુ સુધી ૨૪૪૧૧૧૧ રસીના ડોઝ અપાયા

અમદાવાદ, તા. ૧૫

સ્માર્ટસિટી અમદાવાદમાં હાલમાં કોરોના સામે જંગ જીતવાના હેતુથી રસીકરણ અભિયાન જોરશોરથી ચાલી રહ્યુ છે. રાજ્ય સરકારે ૧૮ થી ૪૪ વર્ષના વયજુથ માટે રસીનો વધુ જથ્થો ઉપલબ્ધ કરાવ્યા બાદ વેકસીન લેનાર નાગરીકોની સંખ્યા અને ડોઝની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જે અંતર્ગત અમદાવાદમાં અત્યાર સુધી ૨૪૪૧૧૧૧ રસીના ડોઝ આપવામાં આવી ચૂક્યા છે.

રાજ્ય સરકારે ૧ લી મેથી ૧૮ થી ૪૪ વય જુથ માટે વેક્સીનેશનની શરૂઆત કરી હતી. પ્રાથમીક તબક્કે મુખ્ય શહેરોમાં ૧૮ થી ૪૪ વય જુથના લોકોને વેક્સીન આપવામાં આવતી હતી. વેક્સીન માટે ઓનલાઇન બુકિંગ રાખવામાં આવ્યુ છે. પરંતુ વેક્સીના સ્લોટ ક્યારે ખુલે છે અને કયારે બંધ થાય છે તે અંગે મોટાભાગના નાગરીકો અજાણ છે. મ્યુનિસિપલ સુત્રોના જણાવ્યુ મુજબ વેક્સીન માટે દૈનિક ૩૨૦૦૦ સ્લોટ ખુલ્લા મુકવામાં આવે છે, જેની સામે ૨૯૫૦૦ જેટલા સ્લોટ બુક થાય છે. પરંતુ તેમાંથી ૧૫ ટકા લોકો વેક્સીન લેવા આવતા જ નથી. કોરોના વેક્સીનની એક વાયલમાં ૧૦ ડોઝ હોય છે.

રસીનુ વાયલ તોડ્યા બાદ તેનો સંપુર્ણ વપરાશ ન થાય તો તેને ફેંકી દેવાની ફરજ પડે છે. ઓનલાઇન બુકિંગના કારણે દૈનિક ૧૫ ટકા બુકિંગ કેન્સલ થતા હોય છે. આવા સંજોગોમાં વેક્સીન વેસ્ટેજ થાય છે. જેના કારણે ૩ થી ૪ હજાર ડોઝનો બગાડ થઈ રહ્યો છે. સુત્રો પાસેથી મળતી માહિતી મજુબ એએમસી દ્વારા પાછલા સપ્તાહ (૫ જુન થી ૧૧ જુન) દરમ્યાન ૧૭૭૪૯૯ વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા હતા. જે પૈકી ૧૮ થી ૪૪ વયજુથ માં ૧૪૯૮૪૯ ડોઝ લગાવવામાં આવ્યા હતા. જેની દૈનિક સરેરાશ ૨૧૪૦૭ ડોઝ આવે છે. જ્યારે કે ઓનલાઇન બુકિંગ અંતર્ગત ૨૯૫૦૦ સ્લોટ બુક થયા હતા.

આમ છેલ્લા સપ્તાહ દરમ્યાન ૮૦૯૩ સ્લોટ રદ થયા હતા. જેથી વેક્સીનનો બગાડ થઈ રહ્યો હોવાનુ માનવામાં આવી રહ્યુ છે. શહેરમાં વેકસીનના ૨૪૪૧૧૧૧ ડોઝ લગાવવામાં આવ્યા છે. જે પૈકી પ્રથમ ડોઝમાં ૧૯૯૬૮૬૦ અને બીજા ડોઝ તરીકે ૪૪૨૫૧ નાગરીકોએ રસી લીધી છે. જેમાં હેલ્થ વર્કરોની કેટેગરીમાં ૧૭૬૨૬૭, ફ્રન્ટલાઈન વર્કર તરીકે ૨૫૬૮૨૦ લોકોએ રસી લીધી છે. ૧૮ થી ૪૪ વયજુથમાં ૮૬૫૭૧૬, ૪૫ થી ૬૦ વયજુથમાં ૫૮૪૬૪૭ તેમજ ૬૦ થી વધુના વયજુથમાં ૫૫૭૬૬૧ નાગરીકોએ રસી લીધી છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ ઓનલાઈન બુકિંગ બંધ થાય અને સ્પોટ રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવે, તો રસીનો બગાડ થતો અટકાવી શકાય તેમ છે.

# રાજસ્થાનથી રાજકોટ લઈ જવાતો વિદેશી દારૂ મોડાસાના વાંટડા ટોલપ્લાઝા પાસેથી ઝડપાયો

હિંમતનગર, તા.૧૫

મોડાસા ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે શામળાજી થી



હિમતનગર તરફ જતા રોડ ઉપર નાકાબંધી ગોઠવી મોડાસાના વાંટડા ટોલપ્લાઝા પાસેથી મહીન્દ્રા કેયુવી- ૩૦૦ ગાડી ગાડીમાં થી અલગ – અલગ બ્રાન્ડની વિદેશી દારૂની નાની-મોટી બોટલો નંગ-૯૪ ની કિ.રૂ.૨૮,૦૦૦ તથા મોબાઇલ નંગ-૪ કિ.રૂ.૧૪,૦૦૦ તથા મહીંન્દ્રા ગાડી સહિત રૂ. ૪.૪૨ લાખનો મુદ્દામાલ કબજે રાજકોટના ૩ શખ્સોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઇ પોલીસ સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કોન્સ્ટેબલ જયરાજસિંહ લાલસિંહને બાતમીદારથી બાતમી મળી હતી કે એક મહીન્દ્રા કેયુવી ગાડી રજી. નંબર-GJ.01. HT. 4371માં વિદેશી દારૂ ભરી લઈ રાજસ્થાન થી હિમતનગર તરફ જનાર છે. જે બાતમી હકિકત આધારે વાંટડા ગામની સીમમાં વાંટડા ટોલપ્લાઝા ખાતે શામળાજી થી હિમતનગર તરફ જતા રોડ ઉપર વોચ નાકાબંધીમાં હતા.દરમ્યાન ઉપરોક્ત બાતમી હકીકત વાળી મહીન્દ્રા કેયુવી-૩૦૦ ગાડી રજી.નંબર.૧.ૐ.૪૩૭૧ ની આવતાં ગાડી ઉભી રખાવી સદર કાર ચાલક તથા તેની સાથેના ઈસમોને ઝડપી લઈ સદર મહીન્દ્રા કેયુવી-૩૦૦ ગાડીમાં ફીટ કરેલ સી.એન.જી. ગેસની ટેક્રમાં ગુપ્ત ખાનું બનાવી તેમાં ભરેલ વિદેશી દારૂની અલગ – અલગ બ્રાન્ડની વિદેશી દારૂની નાની-મોટી બોટલો નંગ-૯૪ ની કિ.રૂ.૨૮,૦૦૦ તથા મોબાઈલ નંગ-૪ ની કિ.રૂ.૧૪,૦૦૦ તથા મહીન્દ્રા કેયુવી ૩૦૦ ગાડી નંબર-GJ.01. HT.4371 ની કિ.રૂ. ૪,૦૦,૦૦૦ મળી કુલ કિ.રૂ.૪, ૪૨,૦૦૦ ના મુદ્દામાલ સાથે રાજકોટના ૩ આરોપીઓને ઝડપી લઈ તેઓના વિરૂધ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દુઃખદ અવસાન

બાયડ : ઈડર તાલુકાના મોટાકોટડા ગામના, સાબરડેરીના



પૂર્વ કર્મચારી મનુભાઈ રેવાભાઈ પટેલનું ટૂંકી માંદગીથી દુઃખ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થના નિધન બદલ ઈડર તાલુકા પંચાયત કારોબારી પૂર્વ અધ્યક્ષ કેશુભાઈ પી. પટેલ તેમજ સાબરડેરીના કર્મચારીઓએ ઉંડો શોક વ્યક્ત કર્યો હતો.

# રાજકોટમાં સિંગતેલ સહિતના તેલના ભાવમાં ડબ્બે ૨૫થી ૪૦ રૂપિયાનો ઘટાડો

રાજકોટમાં સિંગતેલ સહિતના તેલના ભાવમાં આ અઠવાડિયામાં ડબે ૨૫ થી ૪૦ રૂપિયાનો ઘટાડો થયો છે. જો કે, ચોમાસુ નજીક આવતા મગફળી સહિતના માલની વેચાવલી વધતા ભાવ ઘટ્યા છે. જ્યારે કપાસિયા તેલ ડબે ૪૦ રૂપિયા, પામોલિયન તેલના ડબે ૪૦ રૂપિયા, સનફલાવર તેલના ડબે ૨૦ અને કોર્ન ઓઈલમાં ડબે ૪૦ રૂપિયાનો ઘટાડો જોવા મળી રહ્યો છે. હાલ સિંગતેલના ડબાનો ભાવ રૂપિયા ૨૪૬૫ થયો છે. મે મહિનાના અંતમાં સિંગતેલના ભાવમાં મોટો ઘટાડો થયો હતો. જેથી લોકોને રાહત થઈ હતી. મે મહિનામાં ખાદ્યતેલના ભાવમાં ઘટાડો થતા ખાદ્યતેલમા વાયદા બજાર ખુલતાની સાથે જ કડાકો બોલાયો હતો. જેથી સિંગતેલના ડબ્બાના ભાવમાં ૫૦ રૂપિયાનો ઘટાડો થયો હતો. તો કપાસિયા તેલના ભાવ ૩૦ રૂપિયા ઘટ્યા હતા. સિંગતેલ ડબ્બો ૨૫૦૦થી ૨૫૫૦ થયો હતો. જેના બાદ સતત ભાવ ઘટ્યા હતા. આ પાછળ ચીનની માંગ કારણભૂત છે.

# વડગામના મેમદપુરનો જવાન શહિદ થતાં ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય અપાઈ

મા ભોમની રક્ષા કરતા ગુજરાતનો વધુ સપૂત શહીદ થયો છે. બનાસકાંઠાના વડગામના મેમદપુર ગામનો આ જવાન પોતાની ફરજ દરમ્યાન શહીદ થયો હતો. શહીદ જવાનના નશ્વરદેહને તેના વતનમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપવામાં આવી છે. શહીદ જવાનની અંતિમ વિદાય વખતે ગામમાં ગમગીની છવાઈ હતી. સમગ્ર મેમદપુર શોકમગ્ન બન્યું હતું. સમગ્ર ગામ શહીદ જવાનને અંતિમ વિદાયમાં હાજર રહ્યું હતું. બીજી બાજુ ગામનો જવાન શહીદ થતા આખું મેમદપુર ગામમાં વેપાર ધંધા બંધ રહ્યા હતા.

મા ભોમની રક્ષા કરતા બનાસકાંઠાના આર્મી જવાન શહીદ થયો હોવાની માહિતી મળતા પરિવારજનોમાં કરૂણ આક્રંદ છવાયો હતો. બનાસકાંઠાના વડગામના મેમદપુરા ગામમાં પણ શોકનો માહોલ સર્જાયો હતો. તમને જણાવી દઈએ કે ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા વડગામના મેમદપુરનો જવાન જશવંતસિંહ જવાનજી રાઠોડ ફરજ દરમ્યાન જમ્મુ કાશ્મીરમાં શહીદ થયા છે.

બનાસકાંઠાના આ જવાન મેમદપુરના રાજપૂત સમાજના જશવંતસિંહ જવાનજી રાઠોડ જમ્મુ કાશ્મીર ખાતે મા ભોમની રક્ષા કરી રહ્યાં હતા.

## હિમાચલ પહોંચ્યા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિયમોનું ઉલ્લંઘન કરનાર પર કડક કાર્યવાહી કરવામાં આવશે. ત્યાંના એક અધિકારીના જણાવ્યા મુજબ, શુક્રવારથી જ ગાડીઓની સંખ્યા વધી ગઈ છે. પંજાબ અને દિલ્હીથી આવી રહેલા ટૂરિસ્ટ્સ પહાડી વિસ્તાર તરફ જઈ રહ્યા છે. રવિવારે આટલી બધી ભીડ થશે કોઈએ વિચાર્યું નહોતું, આ કારણે ટ્રાફિક જામ થઈ ગયો.

ટ્રાફિક જામ થવા અંગેનું કારણ આપતા અધિકારીએ જણાવ્યું કે ઈ-પાસના ચેકિંગમાં સમય લાગે છે. ઘણાં લોકોએ રજિસ્ટર કરાવ્યું હતું અને તેઓને નિર્દેશ આપવામાં સમય લાગ્યો હતો. ચંદીગઢ અને મોહાલીથી ઘણાં ટૂરિસ્ટ્સ પંચકુલાથી હિમાચલ પ્રદેશ તરફ જવા લાગ્યા જેના કારણે કાલકા-શિમલા નેશનલ હાઈવે પર પણ ભયંકર ટ્રાફિક જામ જોવા મળ્યો.

પંચકુલામાં કોઈ વીકેન્ડ કર્ફ્યુ લાગુ કરાયો નહોતો. હિમાચલ પ્રદેશ રાજ્ય સરકારે ગત શુક્રવારે કર્ફ્યુના નિયમ હળવા કર્યા અને કોરોના નેગેટિવ ટેસ્ટ વિના જ ટૂરિસ્ટ્સને એન્ટ્રી પર અનુમતિ આપી. ત્યાં સાંજે ૫ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કર્ફ્યુ લાગુ રહેશે.

## શાળા નથી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરજ પડે છે. આ અંગે આમ આદમી પાર્ટીએ રજુઆતમાં જણાંવ્યા મુજબ સે-૨૪ મા ગત વર્ષે અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવાની જાહેરાત કર હતી. જયારે શાળાની બહાર અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે તેવુ બોર્ડ પણ લગાવી દેવાયુ હતુ. પરંતુ શિક્ષકો અને સ્ટાફની ભરતીના અભાવે ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન પણ અંગ્રેજી માધ્યમની શાળા શરૂ થઈ નથી. આમ આદમી પાર્ટીએ શહેરમાં અંગ્રેજી અને હીન્દી માધ્યમની સરકારી શાળા શરૂ કરવા માટે માંગણી કરી છે.

## ફાયરીંગ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાબડતોડ ૫ ફાયર કર્યું પરંતુ નિશાન ચૂકી જવાના કારણે તેઓ બચી ગયા. તેમની પર હુમલો કરનારા બાદમાં ત્યાંથી ફરાર થઈ ગયા. ફાયરિંગની ઘટનાથી શાકભાજી માર્કેટમાં સનસની ફેલાઈ ગઈ. આ સમગ્ર હુમલાની ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ. સૂચના મળતાં ગુમાનપુરાનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો અને પીડિત વેપારી કૈલાશ મીણા અને અન્ય વેપારીઓની પૂછપરછ કરી. કૈલાશ મીણાએ પોલીસને જણાવ્યું કે તેમની કોઈની સાથે દુશ્મની નથી. તેમની પર જે બદમાશોએ ફાયરિંગ કર્યું તેમને તેઓ ઓળખતા નથી. પરંતુ એક ઘટનાનો ઉલ્લેખ કરતાં પોલીસને જણાવ્યું કે ૭-૮ વર્ષ પહેલા ઈસ્લામનગરમાં રહેનારા લોકો સાથે તેમને ઝઘડો થયો હતો. પોલીસ સમગ્ર મામલાની તપાસમાં લાગી ગઈ છે. સીસીટીવી કેમેરામાં બદમાશો રસ્તા પર ઊભા રહીને કોઈ પણ પ્રકારના ડર રાખ્યા વગર ફાયરિંગ કરતાં જોવા મળ્યા. પોલીસે હુમલાખોર પૈકી એકની ઓળખ કરી દીધી છે. તેનું નામ રફીક કાલિયા હોવાનું સામે આવ્યું છે. કોટા પોલીસની વિશેષ ટીમ આરોપીઓની શોધખોળમાં અનેક સ્થળે દરોડા પાડી રહી છે.

## હકાલપટ્ટી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

શકી નહીં. મહત્વનું છે કે પશુપતિ કુમાર પારસને ચિરાગને છોડી પાર્ટીના અન્ય પાંચ સાંસદોનું સમર્થન હાસિલ હોવાને કારણે તેઓ મજબૂત છે. તેઓ પાર્ટી પર કબજો કરવા માંગે છે. ચિરાગનો પિતરાઈ ભાઈ પ્રિન્સ રાજ પણ હાલ કાકાની સાથે છે. તેવામાં ચિરાગ પાર્ટીમાં એકલા પડી ગયા છે.

ચિરાગ પાસવાને જૂનો પત્ર ટ્વિટર પર કર્યો શેર આ દરમિયાન ચિરાગે પોતાના કાકા પશુપતિ પારસને ૨૯ માર્ચ ૨૦૨૧ના લખેલો એક પત્ર જાહેર કરી દીધો છે. આ પત્રમાં તેમણે સ્પષ્ટ લખ્યુ છે કે, ૨૦૧૯માં રામચંદ્ર કાકાના નિધન બાદથી તમારામાં ફેરફાર જોવા મળ્યો જે આજ સુધી જોઈ રહ્યો છું. કાકાના નિધન બાદ પ્રિન્સની જવાબદારી કાકીએ મને આપી અને કહ્યું કે, આજથી હું પ્રિન્સના પિતા સમાન છું. પ્રિન્સને આગળ વધારવા માટે તેને પ્રદેશ અધ્યક્ષની જવાબદારી મેં આપી. બધા લોકો આ નિર્ણયથી ખુશ હતા પરંતુ મને ત્યારે દુખ થયું જ્યારે તમે આ નિર્ણયના વિરોધમાં નારાજ થઈ ગયા અને તમે પ્રિન્સને મળેલી નવી જવાબદારી માટે શુભેચ્છા આપવાનું પણ યોગ્ય સમજ્યું નહીં.

આ પહેલા રવિવારે મોડી સાંજે પાંચ સાંસદોએ પશુપતિ પારસને પોતાના નેતા ચૂંટી લીધા હતા. પારસ હાજીપુરથી સાંસદ છે. આ સિવાય તેમની સાથે ચૌધરી મહબૂબ, અલી કૈશર, વીણા સિંહ, સૂરજભાનના ભાઈ સાંસદ ચંદન સિંહ અને રામચન્દ્ર પાસવાનના પુત્ર પ્રિન્સ રાજ છે. પારસના ભત્રીજા પ્રિન્સ બિહાર લોજપાના અધ્યક્ષ પણ છે. બધા સાંસદોએ પારસને પોતાના નેતા પસંદ કર્યા બાદ રવિવારે રાત્રે લોકસભા અધ્યક્ષને પત્ર સોંપવામાં આવ્યો હતો. સોમવારે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ પણ તેમને માન્યતા આપી દીધી હતી. હવે જોવાનું તે રહેશે કે કાકાના આ નિર્ણય બાદ ચિરાગ પાસવાન આગળ શું કરે છે.